# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**સંદર્ભ :–** (૧) નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરનો તા.૦૨–૦૨–'૧૬ ના
પત્ર ક્રમાંક : મકમ / ESC2 / મુ. વ્યા. / ૧૬૦ / ૨૦૧૬ / ૩૫૯–૪૬૫.
(૨) નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરનો તા.૦૮–૦૨–'૧૬ ના
પત્ર ક્રમાંક : મકમ / ESC2 / મુ. વ્યા. / ૧૬૦ / ૨૦૧૬ / ૯૦૭ –૧૦૦૮.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સરકારી કોલેજોમાં નિયમિત ધોરણે ફરજો બજાવતા વ્યાખ્યાતાઓને કાર્યભાર સોંપતા વધારાના જે તાસ બાકી રહે છે તેના માટે મુલાકાતી વ્યાખ્યાતાઓ (વિઝીટીંગ ફેકલ્ટી) ના મહેનતાણાના દરની માસિક મહતમ મર્યાદા રૂા.૧૫,૦૦૦/– નિયત કરવામાં આવેલ તે અંગેનો ઠરાવ સંદર્ભ–૧ થી કરવામાં આવેલ તેમજ સંદર્ભ–૨ થી તે અંગેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ જે આ સાથે સામેલ રાખેલ છે, જે ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી કરશો.

કુલસચિવ

બિડાણ :– સંદર્ભ ૧ અને ૨ ની નકલ

નં. જોડાણ / ૨ / ૩૭૬૭ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૧૧ / ૦૨ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી કોલેજો તરફ.....
(સંદર્ભ પત્ર ધ્યાને લેવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...)

**નકલ રવાના :–**

૧) સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
૨) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૩) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે

રાજયની સરકારી કોલેજોમાં સેવા આપતા મુલાકાતી (વિઝીટીંગ) વ્યાખ્યાતાઓના મહેનતાણાના દરની મહત્તમ મર્યાદા નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ એનજીસી /૧૧૨૦૧૦/૨૪૭૫/ ખ

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ૨૭.૧.૨૦૧૬

વંચાણે લીધા-

૧. શિક્ષણ વિભાગનો તા.૨૫.૪.૨૦૦૧ નો ઠરાવ ક- જીસીઓ/૧૫૯૯/૬૯૬૦/ખ

૨. શિક્ષણ વિભાગનો તા.૧૨.૧૧.૨૦૧૪ નો સમાનાંકી ઠરાવ.

ઠ રા વઃ-

રાજ્ય સરકાર હસ્તકની સરકારી કોલેજોમાં નિયમિત ધોરણે ફરજો બજાવતા વ્યાખ્યાતાઓને કાર્યભાર સોંપતા વધારાના જે તાસ બાકી રહે છે તેના માટે મુલાકાતી વ્યાખ્યાતાઓ(વિઝીટીંગ ફેકલ્ટી)ના મહેનતાણાના દર ઉપર વંચાણે લીધેલ ક્રમાંક – ૨ ના ઠરાવથી સુધારવામાં આવ્યા હતા પરંતુ વિભાગના ઉપર વંચાણે લીધેલા ઠરાવ ક્રમાંક – ૧ થી નિયત થયેલ માસિક મહત્તમ મર્યાદા રૂ.૫૦૦૦/- જ રહેલ હોવાથી તેમાં વધારો કરી નવેસરથી માસિક મહત્તમ મર્યાદા નક્કી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, રાજયની સરકારી કોલેજોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓના મહેનતાણાના દરની માસિક મહત્તમ મર્યાદા રૂ.૧૫૦૦૦/- નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨.૧.૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કશ્યપ રોય)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

T/ઠરાવ-૨ / ૧

- અગ્ર સચિવશ્રી(ઉ.શિ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજો (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

---

ક્રમાંક : મકમ/ESC2/મુ.વ્યા./160/2016/359-465
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લૉક નં.-૧૨, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા.02/02/2016.

<u>નકલ રવાના જાણ તેમજ યોગ્ય કાર્યવાહી કરવા સારૂ :-</u>

( લલિત વ્યાસ )
નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

⇒ આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજો.
⇒ રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.
⇒ સંબંધિત તમામ શાખા અધિકારીશ્રીઓ, સદર કચેરી.
⇒ રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.
⇒ હુકમ ફાઈલે.

ક્રમાંક : મકમ/ESC2/મુ.વ્યા./૧૬૦/૨૦૧૬/૯૦૭-૬૦૦૮

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,<br>બ્લૉક નં.- ૧૨, બીજો માળ,<br>ડૉ.જીવરાજ મહેતા ભવન,<br>ગુ.રા.,ગાંધીનગર.<br>તા.૦૮/૦૨/૨૦૧૬.

પ્રતિ

⇒ આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજો.<br>⇒ રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.<br>⇒ સંબંધિત તમામ શાખા અધિકારીશ્રીઓ, સદર કચેરી.

વિષય : સરકારી કોલેજોમાં સેવા આપતા મુલાકાતી વ્યાખ્યાતાઓના મહેનતાણાના દરની માસિક મહતમ રૂા.૧૫,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે તેની માર્ગદર્શિકા અંગે.<br>સંદર્ભ : શિક્ષણ વિભાગના તા.૨૭/૦૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/૨૪૭૫/ખ

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૨૭/૦૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/૨૪૭૫/ખથી રાજયની સરકારી કોલેજોમાં સેવા આપતા મુલાકાતી વ્યાખ્યાતાઓના મહેનતાણાના દરની માસિક મહતમ રૂા.૧૫,૦૦૦/- નક્કી કરવામાં આવતાં આ સાથે સામેલ રાખેલ માર્ગદર્શિકા મુજબ કોલેજના આચાર્યશ્રીએ યોગ્ય કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ ઉપર મળેલ માન.આયુકતશ્રીના આદેશાનુસાર,

( લલિત વ્યાસ )<br>નાયબ નિયામક<br>ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,<br>ગુ.રા.,ગાંધીનગર.

બિડાણ : ઉપર મુજબ.

શિક્ષણ વિભાગના તા.૨૭/૦૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/૨૪૭૫/ખ થી રાજયની સરકારી કોલેજોમાં સેવા આપતા મુલાકાતી વ્યાખ્યાતાઓના મહેનતાણાના દરની માસિક મહત્તમ રૂા.૧૫,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે તેની માર્ગદર્શિકા ::-

---

(૧) રાજય સરકારે જે વ્યવસ્થા ઉભી કરી છે તે વ્યવસ્થા નિયમિત વ્યાખ્યાતાઓની ઉપલબ્ધિ નહી થવાને કારણે કરી છે. જેથી આવી કામગીરી કરનાર વ્યક્તિ નિયમિત કર્મચારીના લાભો મેળવવાપાત્ર થતા નથી. કોલેજમાં ખાલી રહેલી જગ્યાઓ ઉપર યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિઓની નિમણુંક કરવાની રહેશે અને સંબંધિત કોલેજ દ્વારા તેની વિગતો દર માસે કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીને નિયત કરેલ પરફોર્મામાં મોકલવાની રહેશે.

(૨) મુલાકાતી (વિઝીટીંગ ફેકલ્ટી) વ્યાખ્યાતા વર્કલોડ આધારિત જ રાખી શકાશે તે અંગેની સંબંધિત કોલેજના આચાર્યશ્રીની જવાબદારી રહેશે.

(૩) સ્નાતક અભ્યાસ ક્રમ માટે એક તાસ દીઠ રૂા.૨૫૦/- અને અનુસ્નાતક અભ્યાસ ક્રમ માટે એક તાસ દીઠ રૂા.૩૦૦/- આપવાના રહેશે. મહત્તમ ધોરણ જે તે વ્યાખ્યાતાઓને માસિક રૂા.૧૫૦૦૦/- થી વધારે ચુકવણુ કરી શકાશે નહી.

(૪) મુલાકાતી (વિઝીટીંગ ફેકલ્ટી) વ્યાખ્યાતાઓ રાખવામાં આવે ત્યારે જે તે વિષયનું ધોરણ (મહેકમ) જળવાઇ રહેવું જોઇએ.

(૫) મુલાકાતી(વિઝીટીંગ ફેકલ્ટી) વ્યાખ્યાતાઓએ કોલેજમાં શિસ્ત વિષયક નિયમોનું પાલન અંગે બાંહેધરી આપવાની રહેશે.

(૬) મુલાકાતી (વિઝીટીંગ ફેકલ્ટી) વ્યાખ્યાતાઓએ માસ દરમ્યાન લીધેલ તાસની માહિતી કોલેજના રેકર્ડ ઉપર રાખવાની રહેશે.

(૭) મહિનાના અંતે મળવાપાત્ર રકમ મુલાકાતી વ્યાખ્યાતાના બેંક એકાઉન્ટમાં જમા કરવાની રહેશે.

(૮) આ નિમણૂંક માત્ર કામચલાઉ વ્યવસ્થાના ભાગ રૂપે કરવામાં આવેશે. સરકારશ્રી તરફથી મળતા અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહી કે કોઈ હક દાવો કરી શકાશે નહી.

(૯) ઉમેદવારે રૂા.૨૦/-ના સ્ટેમ્પ પેપર પર નોટરી સમક્ષ કરાવેલ સોગંધનામું ફરજ પર હાજર થાય તે સમયે કોલેજના આચાર્યશ્રી સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૧૦) કામચલાઉ વ્યવસ્થા હોવાથી મુલાકાતી વ્યાખ્યાતાઓને નોટીસ આપ્યા સિવાય ગમે ત્યારે છુટા કરી શકાશે.

(૧૧) સંબંધિત આચાર્યશ્રીએ આવી મુલાકાતી વ્યાખ્યાતાઓની અરજી મેળવી નિયત ફોર્મમાં વ્યાખ્યાતાની તમામ વિગતોની માહિતી રાખવાની રહેશે.

( લલિત વ્યાસ )
નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

# મુકાલાતી વ્યાખ્યાતા માટેની અરજીનો નમુનો

( સરકારી કોલેજો માટે )

તાજેતરનો
પાસપોર્ટ સાઈઝનો
ફોટો ચોંટાડવો

પ્રતિ,
આચાર્યશ્રી,

..............................................................................

..............................................................................

ઉમેદવારની માહિતી :

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉમેદવારનું નામ(અટક સાથે) | : | |
| ૨. | હાલનું/પત્ર વ્યવહારનું સરનામું: | : | |
| ૩. | કાયમી સરનામું | : | |
| ૪. | અરજદારની જન્મ તારીખ : | : | |
| ૫. | ઉંમર વર્ષ | : | |
| ૬. | માતૃભાષા | : | |
| ૭ | રાષ્ટ્રીયતા | : | |
| ૮ | મોબાઈલ નંબર | : | |
| ૯ | ઈ-મેઈલ એડ્રેસ | : | |

૧૦. શૈક્ષણિક લાયકાત :

| ક્રમ | પાસ કરેલ પરીક્ષાનું નામ | મેળવેલ વર્ગ/ગ્રેડ અને મેળવેલ ગુણના ટકા | પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિવર્સિટી/ સંસ્થાનું નામ | મુખ્ય વિષય | અન્ય વિષય |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |

સૂચનાઓ :-

૧. ઉમેદવારે અરજીના મથાળે તાજેતરનો પાસપોર્ટ સાઈઝમાં પોતાની સહીવાળો ફોટો અચૂક લગાવવાનો રહેશે.
૨. ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સેલ્ફ એટેસ્ટેડ આધારોની નકલ બીડવાની રહેશે. હેતુને અનુરૂપ આધારો રજુ કરવાના રહેશે.

## બાંહેધરી

આથી હું ............................................................................................ ખાતરી પૂર્વક જાહેર કરુ છું કે, ઉંકત અરજીમાં જણાવેલ વિગતો સાચી છે, કોઈપણ વિગત ખોટી સાબિત થશે તો કાયદાકીય રીતે તે સજાને પાત્ર છે તે હું જાણું છું.

સ્થળ :

ઉમેદવારનીસહી........................

તારીખ: / /૨૦૧